# ફરસાણની દુકાનોમાં ફરાળી વાનગીઓની જમાવટ

## ગૌરીવ્રત સહિત વ્રતના કારણે ઉપવાસને લગતી તમામ ફરાળી વાનગીઓનું બજારમાં આગમન

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગરમાં ખાણી-પીણીની દુનિયા અનોખી છે. ખાણી-પીણી બજાર એક એવો ઉદ્યોગ છે જ્યાં ઉદ્યોગ સાહસિકો લોકોની નાડ પારખીને જાત-જાતના મેનુ તૈયાર કરે છે. ગ્રાહકમિત્રોને શું પસંદ પડશે તે સમજીને મેનુ તૈયાર કરતાં હોય છે. ત્યારે શહેરની ખાણી-પીણી બજારમાં આખા વર્ષ દરમ્યાન જાત-જાતના તહેવારો દરમિયાન જાત-જાતની વાનગીઓ બનતી હોય છે અને સ્વાદરસિકો મોજથી ઝાપટે છે.

આજકાલ વ્રતનો મહિમા ચાલી રહ્યો છે. ત્યારે બજારમાં ફરાળી મેનુ ધૂમ મચાવી રહ્યું છે અને ન સાંભળી હોય તેવી ફરાળી વાનગીઓ બનાવવામાં આવી રહી છે.

આગામી દિવસોમાં ગૌરીવ્રત સહિત અનેક વ્રતનો મહિમા છે. વ્રત એટલે ઉપવાસ અને એક ટાણાનો મહિમા. અમુક શ્રધ્ધાળુઓ ચુસ્ત રીતે ઉપવાસ કરીને માત્ર ફળાહાર અને દૂધ પીને દિવસો પસાર કરી નાખતા હોય છે. ત્યારે ઘણા શ્રધ્ધાળુઓ ફરાળી કે જે ફરાળીનુ અપભ્રંશ થઈને બનેલો શબ્દ છે તેની વાનગીઓ જમતા હોય છે. હવે તો પીત્ઝા, બર્ગર અને દાબેલી સુધ્ધા ફરાળી વાનગીઓ બને છે. જૂના સમયમાં ફરાળમાં ફળો ખવાતા પછી મોરૈયો, રાજગરો, શિંગોડાનો લોટ, સાબુદાણા, બટાકા, શક્કરિયા, રતાળુ, સુરણનુ આગમન થયું અને હાલમાં તેની ફરાળી વાનગીઓ ધૂમ મચાવે છે.



ઘણા લોકો એવા છે કે માત્ર સિઝનલ જ વેપાર કરીને વ્રતના મહિનામાં માત્ર ફરાળી વાનગીઓ બનાવીને આખા વર્ષની કમાણી કરી લેતા હોય છે.

જ્યારે ફરસાણની દુકાનો ફરાળી વાનગીઓ ઉપર ખાસ ધ્યાન આપે છે. અનેક રેસ્ટોરન્ટ દ્વારા ફરાળી મેનુ લોન્ચ કરવામાં આવે છે.

**વિવિધ ફરાળી વાનગીઓ**

મોળી વેફર, ફરાળી બિસ્કીટ, રાજગરા સેવ, ચેવડો, પુરી, મુક્તી, ચીકી, રેવડી, ખાખરા, ભાખરી, કાજુકતરી, અંજીર રોલ, રબડી, કોકોનટ કતરી, મઠો, રસમલાઈ, બાસુંદી, દૂધ હલવો, ડ્રાયફ્રૂટ ગિફ્ટ બાસ્કેટ, અસોર્ટેડ હેમ્પર્સ, બફવડા, દહીંવડા, સક્કરપારા, સાબુદાણીની ખીચડી, સુકીભાજી, કટલેસ, રાજગરાની સેવ, પિત્ઝા, વર્ગર વિગેરે.

ગાંધીનગરની જાણીતી ફરસાણની દુકાનોમાં પણ અવનવી ફરાળી વાનગીઓની જમાવટ થઈ ચૂકી છે. લોકો ખરીદી કરતા પણ જોવા મળી રહ્યા છે. એક બાદ એક વ્રત-તહેવાર આવતાં ફરસાણની દુકાનોમાં અવનવી ફ્રેસ વાનગીઓની ધૂમ છે.

વ્રત નિમિત્તે લોકો ઘરે પણ ફરાળી વાનગીઓ બનાવે છે પરંતુ વ્યસ્ત જીવનશૈલીના કારણે મોટાભાગના લોકો તૈયાર વાનગીઓ ખરીદવાનું પસંદ કરી રહ્યા છે.





ચોમાસાની સિઝન શરૂ થઈ ચૂકી છે ત્યારે તુટેલા રોડ-રસ્તા અને ગટરોના રીપેરીંગની કામગીરી ખૂબ ઝડપી થઈ રહી છે. ભારે વરસાદમાં રસ્તાઓ પર પાણી ન ભરાય તે માટે અન્ડરગ્રાઉન્ડ ગટરોનું રીપેરીંગ કામ ઝડપી બનાવાયુ છે. કલેક્ટર કચેરી સામે હાલમાં ગટરોના રીપેરીંગનું કામ ચાલી રહ્યુ છે. આખો દિવસ આ કામગીરી ચાલુ રહી હતી.

# ગાંધીનગરની અવની મોદીને 'કેરી ઓન કેસર' માટે સ્પેશિયલ એવોર્ડ અપાયો



ગાંધીનગર, તા. ૨૭ આજે રાજ્ય સરકાર દ્વારા ગુજરાતી ચલચિત્ર પારિતોષિક વિતરણ સમારંભમાં સચિવાલય સ્વર્ણિમ સંકુલ દ્વારકા હોલ ખાતે યોજવામાં આવ્યો હતો. આ સમારંભમાં ગાંધીનગરની અભિનેત્રી અવની મોદીને ગુજરાત સરકાર દ્વારા તેની ફિલ્મ 'કેરી ઓન કેસર'ના અભિનય માટે પરીક્ષણ સમિતિ દ્વારા વ્યક્તિગત મહિલા કેટેગરીમાં 'સ્પેશિયલ એવોર્ડ' એનાયત કરાયો હતો. આ એવોર્ડમાં તેને એક લાખ રૂપિયાનો પુરસ્કાર અને એવોર્ડ નાણાં મંત્રી કનુભાઈ દેસાઈના હસ્તે અપાયો હતો.

# ચોમાસું શરુ થતાં જ ગાંધીનગરમાં સાપ નીકળવાની ઘટનાઓમાં વધારો

ગાંધીનગર, તા. ૨૭

દિવસના સરેરાશ ૧૦થી વધુ સાપનું રેસ્ક્યુ કરાય છે : પ્રકૃતિ યુવા સેવા ટ્રસ્ટ અને સ્નેક લવર્સ કલબ સહિત વિવિધ સ્નેક રેસક્યુઅર્સ દિવસભર દોડીને સાપને પકડી સહીસલામત જગ્યાએ છોડી આવે છે.

ગાંધીનગર, તા.૨૭ (ફોટો)

સૌ જાણે છે કે ગાંધીનગરને "સાપનું ઘર" પણ કહેવ?ામાં આવે છે કેમકે અહીં અનેક પ્રકારના ઝેરી-બિન ઝેરી તેમજ દુર્લભ પ્રજાતિના સરિસૃપોનો વસવાટ જોવા મળે છે. ચોમાસુ શરૂ થતા જ વરસાદની સાથે જ શહેરમાં રહેણાંક સહિતના વિસ્તારોમાં સાપોનું આવાગમન પણ વધ્યું છે અને અત્યારે શહેરના વિવિધ વિસ્તારમાંથી રોજના સરેરાશ આશરે ૧૦થી ૧૫ જેટલાં સાપના કોલ્સ શહેરના સ્નેક રેસ્ક્યુઅર્સને મળે છે. વિવિધ સંસ્થા તેમજ સ્વૈચ્છિક રીતે કામ કરતાં સ્નેક રેસ્ક્યુઅર્સ મળીને દિવસભર દોડીને સાપને યોગ્ય રીતે પકડી સહીસલામત રીતે જંગલ વિસ્તારમાં છોડી આવવામાં આવે છે.

શહેરના જાણીતા સ્નેક રેસ્ક્યુઅર અમિત ગોંડે જણાવ્યું હતું કે ગાંધીનગરમાં બિનઝેરી સાથે ઝેરી સર્પ પણ મોટા પ્રમાણમાં વસવાટ કરે છે જેમાં કોબ્રા એટલે કે નાગ, રસેલ વાઈપર એટલે કે ખડચિતરો, કોમન ક્રેઈટ એટલે કે કાળોતરો જેવા સાપનો સમાવેશ થાય છે. આવા સાપથી સામાન્ય માનવીએ સાચવીને રહેવું જરૂરી છે પરંતુ સાપ નીકળે ત્યારે ડરીને તેને મારી નાખવો યોગ્ય નથી. સાપ પ્રકૃતિના સંતુલનને જાળવવામાં ખુબ ઉઔયોગી જીવ છે તેથી તેનું રક્ષણ થાય તે જરૂરી છે. વધુમા તેમણે જણાવ્યું હતું કે સાપ ક્યારેય પણ જાણી જોઈને હુમલો કરતો નથી જો તેની દબાણમાં આવે તો અથવા તો તેને ભાગવાની જગ્યા ન રહે અને એને ખતરો મહેસુસ થાય તેવા કિસ્સામાં જ તે સ્વબચાવમાં કરડે છે. એ સિવાય એ માત્ર ભાગી જવાનું પસંદ કરે છે. સાપ નીકળે ત્યારે તુરંત જ વન વિભાગ કે સ્નેક રેસ્ક્યુનું નિઃસ્વાર્થ કાર્ય કરતા સ્વયંસેવકોનો સંપર્ક સાધવો જોઈએ.





**સાપ દેખાય તો તુરંત જ આ નંબરો પર સંપર્ક કરો**

કૌશલભાઈ - ૯૯૯૮૦૭૭૭૦૧
અમિતભાઈ - ૮૪૦૧૪૮૮૫૮૮
અજીતભાઈ - ૯૯૯૮૦૦૫૦૦૯
વિવેકભાઈ - ૯૮૯૮૮૨૫૬૨૧
ધર્મેન્દ્રભાઈ - ૯૯૭૮૪૦૫૯૬૭
પ્રદિપભાઈ સોલંકી - ૯૮૨૪૨૫૬૪૧૦
તેજસભાઈ - ૭૯૯૦૩૧૬૯૭૦ (કોલવડા)
અશુતોષભાઈ - ૭૪૩૬૦૨૦૧૧૧ (ભાઈજીપુરા)
પાલજ બાસણ ગ્રામ્ય વિસ્તાર માટે
કૌશિકસિંહ બિહોલા - ૬૩૫૨૯૬૦૮૦૩
રાવળ ખોડાભાઈ - ૯૭૧૨૭૮૩૩૮૫

# રાજ્ય કર્મચારી મહામંડળની કારોબારી સભા યોજાઈ

## નવા કારોબારી હોદ્દેદારોની વરણી કરાઈ : જૂની પેન્શન યોજના પુનઃ સ્થાપિત કરવા અને ફિક્સ પગારની નીતિ સદંતર નાબૂદ કરવા લડત આપવા રણનીતિ ઘડવામાં આવી



ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળની કારોબારી સભા આજ રોજ તારીખ ૨૭મી જૂન મંગળવારના રોજ ગાંધીનગરના સેક્ટર-૧૩માં ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘ શૈક્ષણિક સંશોધન કેન્દ્ર ખાતે યોજાઈ હતી. આ બેઠકમાં ૨૯ રાજ્યોના કર્મચારી મહામંડળ સાથે સંકળાયેલ ઓલ ઈન્ડિયા સ્ટેટ ગર્વનમેન્ટ એમ્પ્લોઈઝ ફેડરેશનના મહામંત્રી એ. શ્રીકુમાર, તથા ઉપપ્રમુખ વિશ્વાસ કાટકર અતિથિ તરીકે જયારે મહામંડળના હોદ્દેદારોમાં પ્રમુખ સતીષભાઈ પટેલ, મહામંત્રી ભરત ચૌધરી, સિનિયર પ્રમુખ નાગજીભાઈ ચૌધરી, સિનિયર સંગઠન મંત્રી ગીતાબા ચૌહાણ વગેરે ઉપસ્થિત રહ્યાં હતા.

કર્મચારી મહામંડળની મિટિંગમામાં દેશ અને રાજયમાં જૂની પેન્શન યોજના પુનઃ સ્થાપિત કરવાની માંગણી સાથે જરૂરી રજૂઆતો કરવા તથા આંદોલનાત્મક કાર્યક્રમો આપાવા રણનિતી ઘડવાનું નકકી કરવા સાથે રાજયમાં ફિકસ પગારની નીતિ સદંતર નાબૂદ કરવામાં આવે તે અંગે રજૂઆતો કરવાનું નકકી કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત આંદોલન દરમિયાન થયેલ સમાધાન મુજબ ઠરાવો કરાવવા તથા થયેલા ઠરાવોમાં રહેલ વિસંગતતા દૂર કરવા ઉગ્ર રજૂઆતો કરવી તેમ છતાં નિરાકરણ ન આવે તો ઉગ્ર દેખાવો કરવા, જુદા જુદા મંડળોના કર્મચારીઓના પડતર પ્રશ્નો સંબંધિત મંત્રીઓ સાથે ચર્ચા કરી નિરાકરણ લાવવાં નિર્ણયો લેવાયા હતા.

ગુજરાત રાજ્ય કર્મચારી મહામંડળના અન્ય ૫૧ હોદ્દેદારોની વરણી કરવામાં આવી હતી જેમા સિનિયર ઉપપ્રમુખ તરીકે નાગજીભાઈ ચૌધરી, સિનિયર સંગઠનમંત્રી તરીકે ગીતાબા ચૌહાણ, ખજાનચી તરીકે દિલીપ રબારી સહિત ઉપપ્રમુખ, સંગઠનમંત્રી, સહમંત્રી તથા કારોબારી સભ્યોના નામ જાહેર કરવામાં આવ્યા હતા મહામંડળના નામનો ખોટો ઉપયોગ કરનાર વ્યક્તિઓ વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરવાનું નક્કી કરવામાં આવ્યું હતું.

# ભરકુંડા ખાતે સાંસ્કૃતિક કાર્યક્રમ લોકડાયરો યોજાયો



ગાંધીનગર, તા.૨૭

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત દેશભક્તિ ગીતો અને શૌર્ય ગીતો અને શૌર્ય ગીતો સાથે લોકગીતોનો ભવ્ય સાંસ્કૃતિક કાર્યક્રમ લોકડાયરો યોજાયો હતો. કઠલાલ તાલુકાના ભરકુંડા ખાતે ગાયત્રી મંદિર ચોકમાં ગત તા.૨૧મી જુને રાત્રે લોકડાયરો યોજાયો જેમાં જાણીતા કલાકારો જયદીપદાન ગઢવી, એન. સી. ચૌહાણ, અલકા રાઠોડ તથા સંગીત ટીમમાં બેન્જોમાસ્ટર જનકસિંહ ડાભી, તબલચી તેજસ મીર, કિબોર્ડ પ્લેયર નિરવ સોલંકી, કીશન પરમાર વગેરે મોટી સંખ્યામાં ઉપસ્થિત ગ્રામજનોને મનોરંજન પૂરું પાડયું હતું. દિપ પ્રાગટય ગામના સરપંચ તથા આમંત્રિત આગેવાનો અને કાર્યકરોના હસ્તે કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન એન. સી ચૌહાણ તથા ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના સહયોગથી કરવામાં આવ્યું હતું.

# ગજાનન સેવા સમિતિ દ્વારા ૧૯ ચિકિત્સા શિબિર સંપન્ન



ગાંધીનગર, તા.૨૭

ગજાનન સેવા સમિતિ દ્વારા ઉત્તર ત્રીપુરાનાં ૧૯ અંતરીયાળ ગામોમાં ચિકિત્સા શિબિર યોજી ૧૦૫૮ દર્દીને દવા આપી હતી.

ગાંધીનગરથી ડૉ. અતુલ પંડ્યા, મિલિન્દ ગુપ્તે તથા ભીમકુમાર ગામેતી બાર દિવસ ત્યાં રહી સેવા આપી હતી. સાથે પાસે જોવાના ચશ્મા આપ્યા હતા. ત્યાંના ડૉ. રીટાયર્ડ લેફ. કર્નલ આર.કે. નાથ તથા સંદિપ જોડાયા હતા.



ગાયત્રી સાધના કેન્દ્ર, પેથાપુર દ્વારા તાજેતરમાં જીઈબી કોલોની ખાતે ગાયત્રી મહામંત્રના જાપ તથા ગાયત્રી દિપ યજ્ઞનું આયોજન ગાંધીનગરની સુખ-શાંતિ માટે કરવામાં આવ્યું હતું.

# અર્થશાસ્ત્ર વિષયમાં પ્રફુલ ગામીતે પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત વિદ્યાપીઠમાંથી પ્રફુલભાઈ રાજેશભાઈ ગામીતે અર્થશાસ્ત્ર વિષયમાં પી.એચ.ડી.ની પદવી હાંસલ કરી છે. ગુજરાતના આદિવાસી પ્રગતિશીલ ખેડૂતોની ખેતી : ટકાઉ આર્થિક વિકાસના સંદર્ભમાં (વલસાડ જિલ્લાને કેન્દ્રમાં રાખીને) આ વિષય પર સંશોધન કરીને મહાશોધ નિબંધ રજૂ કર્યો હતો. જેમાં સંશોધનના માર્ગદર્શક ડૉ. નિમિષા શુકલ રહ્યા હતા. પી.એચ.ડી.ની પદવી હાંસલ કરવા માટે તમામ માર્ગદર્શક સહિત માતા-પિતા અને મિત્રોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

# ઈડીઆઈઆઈ ખાતે આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસ ઉજવાયો




ગાંધીનગર, તા.૨૭

આંત્રપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા ખાતે મંગળવારે કેમ્પસમાં આંતરરાષ્ટ્રીય એમએસએમઈ દિવસ ઉજવાયો હતો. આ ઊજવણીએ ભારતના આર્થિક વિકાસમાં એમએસએમઈના મહત્વને દર્શાવ્યું હતું. તેણે એમએસએમઈના વિકાસ અને ટકાઉપણા સંબંધિત મુદ્દાઓ અને તેના ઉકેલ માટે અમલમાં મૂકી શકાય તેવા સોલ્યુશન્સ પર ચર્ચા પણ કરી હતી.

આ પ્રસંગે રાજયના અધિક ઉદ્યોગ કમિશનર (વિસ્તરણ) બી એમ પ્રજાપતિ મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યાં હતા. આ કાર્યક્રમમાં અન્ય મહેમાનોમાં જીસીસીઆઈના પૂર્વ પ્રમુખ અને નેક્સસ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ડિરેક્ટર શૈલેષ પટવારી અને સિડબીના ડેપ્યુટી જનરલ મેનેજર ઈન્ચાર્જ આકાશ પવાર સમાવિષ્ટ હતા. એમએસએમઈના ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્ડસ્ટ્રીઝ ડી.એમ. જાડેજાએ એમએસએમઈ સેક્ટરના વિકાસ માટે સરકારની વિવિધ પહેલ વિશે માહિતી શે'ર કરી હતી. બી. એમ. પ્રજાપતિએ જણાવ્યુ હતું કે "એમએસએમઈ ક્ષેત્રમાં હસ્તક્ષેપ માટે ઘણો અવકાશ છે, જે આપણા અર્થતંત્રની કરોડરજ્જુ છે. યુવાનોની બેરોજગારીની સમસ્યાના ઉકેલ માટે એમએસએમઈ સેક્ટરને મજબૂત કરવાની જરૂર છે. કોવિડ દરમિયાન એમએસએમઈને સૌથી વધુ નુકસાન થયું. તેથી સેક્ટરને મજબૂત કરવા અને એમએસએમઈની સંભવિતતામાં આપણા યુવાનોનો વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે ઘણા ક્ષેત્રો પર કામ કરવાની જરૂર છે. અમે આ અંતરને ઓળખવા માટે ડાયગ્નોસ્ટિક સ્ટડી શરૂ કરી છે. સેક્ટરને સમજવા અને આ રીતે યોગ્ય નીતિઓ ઘડવા માટે ક્લસ્ટર મુજબનો ડેટા ફરજિયાત છે. આમ, આ દિશામાં પ્રયત્નો ચાલુ છે અને પરિણામો આનંદદાયક હશે."